તલોદ નગરપાલિકામાં કોંગ્રેસના સભ્યને સભ્યપદેથી દૂર કરવા આદેશ

તલોદ, તા.૧૨

તલોદ નગરપાલિકાના વોર્ડ નં. ૩માંથી ચૂંટાયેલા અને કેટલાક સમયથી પાલિકાના ઉપપ્રમુખ તરીકેનો હોદ્દો ભોગવતા કોંગ્રેસના એક સદસ્યને ૩ બાળકોના પિતા હોવા સંદર્ભે જિલ્લા કલેકટરે ગેરલાયક ઠેરવી સભ્ય પદેથી દૂર કરવા આદેશ જારી કરેલ છે. ખોડાભાઈ દેસાઈ નામના આ સદસ્ય ૨ કરતાં વધુ બાળકો ધરાવતા હોઈ તેઓને ધારાધોરણ અનુસાર કોર્પોરેટર તરીકે ગેરલાયક ઠેરવવા જોઈએ તેવી અરજી પાલિકાના જ પૂર્વપ્રમુખ અને ચિફ ઓફિસરે જિલ્લા કલેકટર કોર્ટમાં કેટલાક માસ પહેલાં કરી હતી. જે અન્વયે જિલ્લા કલેકટરે ઉકત હુકમ કર્યો હોવાનું આજે 'સોશીયલ મિડિયા'માં પણ ચમકતું રહ્યું હતું.

તલોદ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં. ૩માંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ખોડાભાઈ મેલાભાઈ દેસાઈ હરિફોમાં સૌથી વધુ મત મેળવી વિજયી થયા હતા. સમયાંતરે ખોડાભાઈ ૩ સંતાનોના પિતા થયા હતા. જે વાતને કેટલાક વર્ષોનો સમય વિતી ગયો હોવા છતાં તેમના માટે વિરોધપક્ષમાંથી કોઈએ પરિણામલક્ષી કામગીરી બજાવવાની જહેમત ઉઠાવી જ ન હતી. પરંતુ ૨૦૧૬ના જાન્યુઆરીમાં જ તલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શીવાભાઈ મૂળજીભઈ પટેલે તેમને પરાસ્ત કરી વિજયી બનેલા ખોડાભાઈ દેસાઈને ગેરલાયક ઠેરવવા બીડું ઝડપ્યું હતું. જે અન્વયે શીવાભાઈ પટેલે તથા તલોદ નગરપાલિકાના ચીફ ઓફિસર સતિષ પટેલે સાબરકાંઠા જિલ્લા કલેકટરની કોર્ટ-હિંમતનગરમાં કેસ નં. ૧/૧૦૨૬થી દાદ માગતી એક અરજી કરી કેસ કર્યો હતો જે અન્વયે જિલ્લા કલેકટરે ગત રોજ હુકમ કરીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૮ હેઠળ ખોડાભાઈ મેલાભાઈ દેસાઈને ગેરલાયક ઠરાવવાની દાદ માગતી અરજી અન્વયે સને ૨૦૦૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૭ તા. ૨૩-૩-૨૦૦૫ની જોગવાઈ મુજબ આરંભની તા. ૨૩-૩-૨૦૦૫થી ૧ વર્ષની મુદત બાદ ૨ કરતાં વધુ બાળકો ધરાવતા હોઈ ખોડાભાઈ દેસાઈને નગરપાલિકાના વોર્ડ નં. ૩ના સભ્ય તરીકે ગેરલાયક ઠરાવીને સભ્યપદેથી દૂર કરવાનો હુકમ પણ કરેલ છે.

તલોદ તાલુકા મથકે આવેલા શ્રી કૃષ્ણ મંદિરના ૧૯મા પાટોત્સવ પ્રસંગની ઉજવણી આજે શાસ્ત્રોકત વિધિ વિધાન અનુસાર સંપન્ન થઈ. 'અલ્પ સંખ્યક' ભાવિકો અને કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં આજે મધ્યાહન ટાણે શ્રી કૃષ્ણ મંદિર પરિસર ખાતે આ પ્રસંગે પૂજા આરતી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ન.પા. પ્રમુખ પરિવારના મેહુલ અને હર્ષના પટેલ યજમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

ગાંધીનગરાઓ જ્યાં - જ્યાં જશે ત્યાં - ત્યાં તેમની સામે કેમેરા મંડાશે... ગાંધીનગરાઓ રાતોરાત 'સ્ટાર' થઈ જશે ! ભઈ, આ કંઈ મજાક મસ્તી નથી હોં... ગાંધીનગરના મુખ્ય માર્ગો પર આવી ૩૫ કમાન ઉભી થઈ રહી છે. આ કમાનો રાહદારીઓનું અભિવાદન તો કરશે જ, પરંતુ રાહદારીઓનું વદન પણ ઝીલાય એવા હાઈ રિઝોલ્યુશનવાળા ત્રણ કેમેરા આ કમાન પર ફીટ થશે. એટલું જ નહીં, અલગ - અલગ ૧૨૦ જેટલા સ્થળે થાંભલા ઉભા કરીને તેની પર પણ કેમેરા મૂકવામાં આવશે. આગામી મહિનામાં આ કેમેરા નેટવર્ક કામ કરતું થઈ જશે. કાયદા કાનૂનનો ભંગ કરનારાઓ પર ચાંપતી નજર રહેશે અને ગાંધીનગરમાં નાગરિકોની સલામતી વધશે. ગાંધીનગરાઓ 'સ્ટાર' જ થઈ જશે ને....!!!

સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલને કોંગ્રેસની ભાવભીની અંજલિ

સવારે વીએસ સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર : કોંગ્રેસના વરિષ્ઠ નેતા દ્વારા ભાવભિની શ્રદ્ધાંજલિ આપવામાં આવી

અમદાવાદ, તા.૧૨

સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલનું આજે હૃદયરોગના હુમલામાં નિધન થયું હતું. તેમના આવતીકાલે અમદાવાદમાં અંતિમ સંસ્કાર કરવામાં આવનાર છે. તેમના મૃતદેહને અમદાવાદ લવાયા બાદ સવારે અમદાવાદ શહેરના સેટેલાઈટ ખાતેના આનંદરોડ પર તેમના આવાસે શ્રદ્ધાંજલિ અપને અંતિમ અંજલિ અપાયા બાદ વીએસ સ્મશાન ગૃહ ખાતે આવતીકાલે અંતિમ સંસ્કાર કરાશે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજયસભાના સાસંદ પ્રવિણભાઈ રાષ્ટ્રપાલના ૭૭ વર્ષની ઉમરે દિલ્હી ખાતે થયેલ નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સ્વ.પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સાસંદ તરીકે સતત પ્રજાના પ્રશ્નો માટે ચિંતીત હતા. ખુબ જ અભ્યાસ સાથે તેઓ વિવિધ વિભાગો સાથે પ્રજાકીય પ્રશ્નો માટે પત્ર વ્યવહાર કરતાં હતા. ડૉ. બાબા સાહેબ આંબેડકરનાં સિદ્ધાંતો વધુમાં વધુ લોકો સુધી પહોચે તે માટે નાની નાની પુસ્તિકા દ્વારા સ્વ. પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સક્રિય રહ્યાં હતા. તેમના નિધનથી સ્પષ્ટ વક્તા અને જાગૃત જનપ્રતિનિધી ગુમાવ્યા છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજયસભાના સાસંદ પ્રવિણભાઈ રાષ્ટ્રપાલના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વ. પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત સાથે ઈન્કમ ટેક્ષના અધિકારી તરીકે નિવૃત થયા બાદ સેવાકીય પ્રવૃત્તિ માટે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. લોકસભા અને ત્યારબાદ રાજયસભામાં સાસંદ તરીકે સ્વ. પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સતત જાગૃતતાથી અભ્યાસ સાથે પ્રશ્નોને ઉઠાવતા હતા. તેમના નિધનથી કોંગ્રેસ પક્ષો અને ગુજરાતે જાગૃત જનપ્રતિનિધી ગુમાવ્યા છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજયસભાના સાસંદ પ્રવિણભાઈ રાષ્ટ્રપાલના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, સ્વ. પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત સાથે ઈન્કમ ટેક્ષના અધિકારી તરીકે નિવૃત્ત થયા બાદ સેવાકીય પ્રવૃત્તિ માટે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

લોકસભા અને ત્યારબાદ રાજયસભામાં સાસંદ તરીકે સ્વ. પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સતત જાગૃતતાથી અભ્યાસ સાથે પ્રશ્નોને ઉઠાવતા હતા. તેમના નિધનથી કોંગ્રેસ પક્ષો અને ગુજરાતે જાગૃત જનપ્રતિનિધી ગુમાવ્યા છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને રાજયસભાના સાસંદ પ્રવિણભાઈ રાષ્ટ્રપાલના નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી ગુરૂદાસ કામત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ શોકાંજલી પાઠવતા જણાવ્યું હતું કે, સ્વ.પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ શોષિત પીડીત દલિત સમાજના ઉત્થાન માટે હંમેશા કાર્યરત રહ્યાં હતા. સ્પષ્ટ વક્તા તરીકે તેઓ હંમેશા પોતાની વાત રજુ કરતાં હતા સાસંદ તરીકે વધુમાં વધુ લોકઉપયોગી કામ થાય તે માટે આયોજન મંડળમાં રજુઆત કરતાં હતા. તેમના નિધન કોંગ્રેસ પક્ષ અને ગુજરાતે એક જાગૃત જનપ્રતિનિધી ગુમાવ્યા છે.

લીમડાના મૃતક યુવકના આખરે અંતિમ સંસ્કાર કરાયા

હિંમતનગર, તા. ૧૨

વિજનયગર તાલુકાના લીમડા ગામના ૩૦ વર્ષીય યુવકનું મોત પોલીસના મારથી થયાના આક્ષેપ સાથે યુવકનો મૃતદેહ તેના સગાઓએ ચિઠોડા પોલીસમથકમાં મુકી દીધી હતી. જે મૃતદેહ હિંમતનગર ખાતે પોસ્ટમોર્ટમ થયા બાદ તેના સગાઓએ મૃતદેહનો કબજો લઈ બુધવારે અંતિમ સંસ્કાર કર્યા હતા. જે બાદ ગત ત્રણ દિવસથી ચાલી રહેલી ઉત્તેજનાભરી પરિસ્થિતિ શાંત થઈ હતી.

લીમડા ગામના અનિલ પુનાજી પાંડોરને વર્ષ ૨૦૧૩માં પ્રોહીબીશન એકટ હેઠળ તત્કાલિન પી.એસ.આઈ. આર.ડી. સગરે અટક કરી મારઝુડ કરી હતી. જેનું ગત સોમવારે મોત નિપજ્યા બાદ તેના મૃતદેહને તેના સગાઓએ પોલીસના મારથી મોત થયાના આક્ષેપ સાથે ચિઠોડા પોલીસમથકમાં મુકી દેતા પોલીસતંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં પોલીસ અને મૃતકના પરિવારના સભ્યો વચ્ચે થયેલી મસલત બાદ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરી અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં મૃતદેહનો હિંમતનગર ખાતે પોસ્ટમોર્ટમ થયા બાદ બુધવારે તેમના પરિવારજનોએ મૃતદેહનો કબજો મેળવ્યો હતો. અને મૃતદેહને હિંમતનગરથી લીમડા ગામે લઈ જઈ અંતિમ સંસ્કારની વિધિ કરી હતી. જે બાદ ગત ચાર દિવસથી પોલીસ છાવણીમાં બદલાયેલી ચિઠોડા પોલીસ ચોકીમાં સ્થિતિ થાળે પડતા પોલીસ કાફલો હટાવી લેવાયો હતો અને ઉત્તેજનાપૂર્ણ વાતાવરણ શાંત પડતા પોલીસ ખાતાના અધિકારીઓએ હાશકારો અનુભવ્યો હતો.

ડીસાની દિપક હોટલ પાસે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈકચાલકનું મોત

ડીસા, તા. ૧૨

ડીસામાં અવારનવાર અકસ્માતો સર્જાય છે અને અનેક લોકો જીવ ગુમાવે છે ત્યારે આ રોડ પર અનેક અકસ્માતો સર્જાયા છે. તેને ધ્યાને લઈ એ સ્થાનિક નેતાઓ રસ રાખીને ઝડપથી ઓવરબ્રિજ બને તેવી લોકોની માંગ છે.

ત્યારે આજરોજ સવારના ૮.૩૦ વાગ્યાના સુમારે મજૂરી કામ અર્થે નીકળેલા બાઈક ચાલકને પાછળથી આવી રહેલ માથેલા સાંઢની જેમ પૂર ઝડપે ટ્રક રોડ પર જઈ રહેલા ૪૦ વર્ષીય યુવાન રહે. શિવ ગંગા સોસાયટી ડીસા, પંચાલ પ્રવિણભાઈ સંભુભાઈને ઢડાકાભેર ટક્કર મારતા તેઓ બાઈક પરથી નીચે પટકાતા તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જ્યારે અકસ્માતની જાણ ડીસાના સેવાભાવિ મનુભાઈ આસનાનીને તથા તેઓ ઘટનાસ્થળે આવીને મૃતદેહને પી.એમ. માટે ડીસાની સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ. જ્યારે આ ભાગેડુ ટ્રકચાલક સામે ડીસા દક્ષિણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ટ્રકચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સરડોઈ પ્રણામી વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

મોડાસા, તા.૧૨

મોડાસા તાલુકાના સરડોઈ સડસઠ-બારીસ પ્રણાલી વણકર સમાજ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનો દ્વિતીય સમૂહ લગ્નોત્સવ સમાજના આગેવાનો દ્વારા યોજાયો હતો. જેમાં ૭૬ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

આ સમુહ લગ્નોત્સવમાં આયોજન સમિતિના પ્રમુખ અરખાભાઈ વણકર અને અધ્યક્ષ નાથાભાઈ વણકર તેમજ મહામંત્રી હસમુખભાઈ જાની હાજર રહ્યા હતા. જયારે સમૂહ લગ્નસમારંભના અધ્યક્ષપદે વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા મુખ્ય અતિથિપદે પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરી ઉપસ્થિત રહ્યા હતા અને નવ દંપતિને આશીર્ચવ પાઠવી પ્રણામી વણકર સમાજની એકતા અને પ્રગતિના વખાણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

સરડોઈ સરપંચ જયદતસિંહ પુવાર, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર તથા અશ્વિનભાઈ કોટવાલ સહિતના અનેક મહાનુભાવોએ આ પ્રસંગે દાતાઓ, આયોજકો, સેવાભાવી કાર્યકરોની સેવાને બિરદાવી શુભાશિષ પાઠવ્યા હતા.

તંત્રને તાકિદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલ, હોટલ, ગેસ્ટહાઉસ તેમજ વાણિજ્ય વિસ્તાર વિકસ્યો છે તેમાં માર્ગોના નવીનીકરણ માટે પણ માર્ગ-મકાન વિભાગ સાથે પરામર્શમાં રહી જરૂર પડ્યે સરકાર કક્ષાએ દરખાસ્ત કરવા પણ જણાવ્યું હતું.

મેયરશ્રી પ્રવિણ પટેલે ગ્રામ્ય પરા વિસ્તારમાં જ્યાં જરૂરિયાત છે ત્યાં ૧૦૦ ટકા ગ્રાન્ટમાંથી બ્લોક તેમજ સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા માટેની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરના વિવિધ ઉદ્યાનોમાં પણ પાણીનો બગાડ થતો અટકે તેમજ ઉદ્યાનોના વિકાસ માટે પણ જરૂરી ધ્યાન આપવા માટેની સૂચનાઓ તંત્રને આપી હતી.

શહેરમાં ગરમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીતના ઠંડા પીણાનુ વેચાણ પણ નગરમાં વધી ગયુછે. ગરમીનુજોર હળવુ ન થતા મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સની હાલત દયનીય બની છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૩.૨ ડીગ્રી રહયુહતુ. ગરમીનો પારો ૦.૪ ડીગ્રી નીચે ઉતર્યો હતો. દિવસ દરમિયાન ગરમ લું ફુંકાઈ હતી. પ્રતિકલાક ૬ કીમીની ઝડપેગરમ પવન ફુકાયો હતો. જેના પરિણામે નગરજનોએ ચામડીના દાહ થતી આકરી ગરમીનો અહેસાસ કર્યોહતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૫૦૭૧

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

ઉતારો એટલે આપ મેળે દુખાવો ઓછો થઈ જશે, કોઈ કહે સવારથી ઉભા પગે કામ કરો છો તો બધું મૂકી દો... એટલે સારું થઈ જશે. વાતો તો ઘણી કરી પણ દુખાવો ઓછો ના થયો. હવે રમીલાબાને ના રહેવાયું, દીકરાને લઈ ને બા ઉપડ્યા હાડકાના ડોક્ટર પાસે. બાએ સાહેબને કહ્યું - હું થાકી ગઈ છું પગનો દુખાવો મટતો જ નથી. બધા ઉપાય કર્યા પણ હવે સહન નથી થતું. ડોકટરે બાને તપાસીને થોડા ટેસ્ટ કરવા કહ્યું જેમાં ESR, CRP, ASO, RA... વગેરે ટેસ્ટ લખ્યા, દીકરો બાને લઈ ને લેબોરેટરી માં પહોચ્યો અને બાનું લોહી ટેસ્ટ માટે આપ્યું રીપોર્ટમાં ESR, CRP અને RA ત્રણેય વધારે આવ્યા દીકરાએ ડોકટરને પૂછ્યું. સાહેબ રીપોર્ટ વિષે સમજાવો. બા ઘણા સમય થી પીડાય છે હવે ચોક્કસ ઉપાય કરવોજ પડશે. સાહેબે એમને કહ્યુ કે બા ને ઈન્ફલામેટરી આર્થરાઈટીસ છે. રમીલાબા બોલ્યા સાહેબ એમાં શું હોય? સાહેબે વિસ્તારથી સમજાવ્યું. આતો એક જાતનો આર્થરાઈટીસ (વા) છે જેમાં તમારા શરીરની, બહારના જંતુઓ અને વાઈરસ સામે લડવાની ક્ષમતા ધરાવતી સીસ્ટમ, એમની સામે લડવાને બદલે તમારા શરીરના કોષો પર એટેક કરે છે અને એમને નુકશાન પહોચાડે છે જેના લીધે દુખાવો, અકડન અને જોઈન્ટ ડેમેજ થાય છે તમારો CRP ઘણો વધારે છે જે ચોક્કસ પણે ઈન્ફલામેટરી આર્થરાઈટીસ સાબિત કરે છે.

'સોનું બાળકોમાં ઈન્ફેક્સન માટે, હાડકાને લગતી બીમારી માટે, હાર્ટને લગતી બીમારી માટે અથવા તો એના લગતા રોગોની શક્યતામાં ઘણા બધા માર્કર તરીકે CRP (સી રીએક્ટીવ પ્રોટીન) ટેસ્ટ કરવામાં આવે છે સોનલે કહ્યું ભાઈ તારો ખુબ ખુબ આભાર બધું સમજવા માટે...

- sgpathlab@gmail.com

મળ્યો નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વેસ્ટલેન્ડ મામલામાં નિર્ણય કરતી વેળા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, અહેમદ પટેલ અને હવાઈ દળના પૂર્વ વડા એસપી ત્યાગીની સાથે કેટલાક લોકોના નામનો ઉલ્લેખ કરેલો છે. કેન્દ્રિય તપાસ બ્યુરો (સીબીઆઈ)એ ઓગષ્ટા વેસ્ટલેન્ડ, આઈડીએસ ઈન્ફોટેક લિમિટેડ અને એરોમેટ્રિક્સ ઈન્ડિયા કંપનીની સામે એફઆઈઆર દાખલ કરી છે. એરોમેટ્રિક્સ બોર્ડના સભ્ય ખેતાન અને ત્યાગીની હાલમાં જ સીબીઆઈ દ્વારા પુછપરછ કરવામાં આવી ચુકી છે. મિશેલે દુબઈ ચેનલ સાથે વાતચીતમાં કહ્યુ છે કે આ કોંભાડની પાછળ ગૌતમ ખેતાનનો હાથ છે. તે જ પૈસાની લેવડદેવડ કરતો હતો. તે સમજે છે કે ભારતીય નેતાઓએ તેમનુ કામ કર્યુ હતુ. પરંતુ તેમાં વાજપેયી, મનમોહનસિંહ અથવા તો એન્ટોની જેવી વ્યક્તિ છે તો તે હાસ્યાસ્પદ છે. તેના પર કોઈ વિશ્વાસ કરશે નહી. ત્યાગીને મળવાની વાત મિશેલે કબુલી હતી. અત્રે નોંધનીય છે કે ઓગસ્ટા વેસ્ટલેંડ હેલિકોપ્ટર સમજૂતિમાં ઈટાલીની એક અદાલતે હાલમાં જ મોટો ખુલાસો કર્યા બાદ ભારતમાં જોરદાર રાજકીય ગરમી જામેલી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં કોર્ટ એમ કહીને કોંગ્રેસની છાવણીમાં સોંપો પાડી દીધો હતો કે કૌભાંડ થયું હતું અને લાંચ રૂશ્વત આપવામાં આવી હતી. કોર્ટે કબૂલાત કરી હતી કે, આ ડીલમાં ભ્રષ્ટાચાર મોટાપ્રમાણમાં થયું છે. ઓગસ્ટા કંપનીએ ભારતમાં ૩૬૦૦ કરોડ રૂપિયામાં ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરની સોદાબાજી કરી હતી. બીજી બાજુ આ ખુલાસા બાદ કેન્દ્ર સરકારે હવે રોમમાં ભારતીય દૂતાવાસ પાસેથી કોર્ટના ચુકાદા અંગે માહિતી માંગી છે.

હવે કર્ણાવતી પ્રિમિયર લીગનું આયોજન કરવા હિલચાલ શરૂ

ઈન્દુચાચાની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા ઉજવાઈ રહેલા યુવા વિકાસ વર્ષમાં કેપીએલ યોજાશે

અમદાવાદ, તા.૧૨

ભાજપ શહેર મીડિયાસેલની યાદીમાં જણાવ્યાનુસાર આગામી ૧૫મી મે થી ૨૯મી મે દરમિયાન શહેર સંગઠન દ્વારા સ્વ.લાલભાઈ સ્ટેડીયમ નારણપુરા ખાતે કર્ણાવતી પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે માહિતી આપતા શહેર પ્રમુખ જગદીશભાઈ પંચાલે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્વ. ઈન્દુચાચાની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે રાજય સરકાર યુવા વિકાસ વર્ષ તરીકે ઉજવી રહી છે. વર્ષ દરમિયાન યોજાનાર શ્રેણીબધ્ધ યુવાલક્ષી કાર્યક્રમોની એક શૃંખલારૂપે આ કર્ણાવતી પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. શહેરના તમામ ૪૮ વોર્ડમાંથી પ્રત્યેક વોર્ડદીઠ પંદર સભ્યોની ક્રિકેટ ટીમ પસંદ કરાઈ છે. ૧૮મી ૨૫ વર્ષની વચ્ચેની વયના ભાજપા સંગઠનના યુવા કાર્યકરો સિવાયના નવયુવાનોને આ ટુર્નામેન્ટમાં પસંદ કરાયા છે. પ્રતિદિન સાંજે ૦૫.૩૦ વાગ્યાથી કુલ ચાર મેચોમાં આઠ ટીમ ભાગ લેશે.

૨૯મી મે, રવિવારના દિવસે ફાઈનલ મેચ રમાશે. સ્વ. લાલભાઈ સ્ટેડીયમ, વરદાન ટાવર પાસે, પ્રગતિનગર રોડ, નારણપુરા ખાતે રમાનાર ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન તા. ૧૫મી મે, ૨૦૧૬ને રવિવારના રોજ રાષ્ટ્રીય અમિતભાઈ શાહ તથા પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી કરશે. ટુર્નામેન્ટને અનુલક્ષીને તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજરોજ નારણપુરા ખાતે બૃહદ બેઠકનું આયોજન થયું હતું. શહેર પ્રભારી આઈ કે જાડેજા, શહેર પ્રમુખ જગદીશભાઈ પંચાલ, મેયર ગૌતમભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં શહેરના મહામંત્રીઓ, ધારાસભ્ય, કોર્પોરેટર સહીત સંગઠનના વિવિધ જવાબદારી સંભાળતા આગેવાન તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૩૬ જુદા જુદા વિભાગોના ૪૮૦થી વધુ કાર્યકરો સમગ્ર ટુર્નામેન્ટની વ્યવસ્થામાં ૧૫ દિવસ સુધી સતત કાર્યરત રહેશે.